## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



ભાભી, મેં તો મોંઘા ભાવની દાળ ઘરમાં એક જ કિલો રાખવાનું નક્કી કર્યું છે...

વધારે દાળ રાખીએ ને ક્યાંક ડિપાર્ટમેન્ટવાળાને ખબર પડે તો...!

# બીએસએફ કેમ્પસની મુલાકાતે શિક્ષણમંત્રી





ગાંધીનગરના બીએસએફના ફ્રન્ટિયર ગુજરાત કેન્દ્ર ખાતે તા. ૧લી ડિસેમ્બર પટના બીએસએફ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે રાજયના મહેસૂલ તથા શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ બીએસએફ કેમ્પસની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમની સાથે રાજયકક્ષાના મંત્રી નાનુભાઈ દરમિયાન તેમની સાથે રાજયકક્ષાના મંત્રી નાનુભાઈ વાનાણી પણ જોડાયા હતા. બીએસએફના આઈ.જી. અજયકુમાર તોમરે તેમનું સ્વાગત કરી સમગ્ર સંકુલમાં સાથે રહી તેમનું માર્ગદર્શન કર્યું હતું.

## જેસીઆઈ દ્વારા એચઆઈવીગ્રસ્ત બાળકોને રમકડાનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા. ૨

જેસીઆઈ ગાંધીનગર દ્વારા 'વિશ્વ એઈડ્સ દિવસ' નિમિત્તે સેકટર-૧૯માં આવેલ બોયઝ હોસ્ટેલના આચઆઈવી બાળકોને નાસ્તાનું તેમજ રમકડાનું વિતરણ જેસીઆઈ પ્રમુખ ડૉ. પરાગી જે ગાંધી દ્વારા કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં મહેમાન દિલીપ પટેલ (પૂર્વ પ્રમુખ રોટરી કલબ ગાંધીનગર) ઉપસ્થિત રહીને કાર્યક્રમની શોભા વધારી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રોજેક્ટ ચેરમેન મહેશ પટેલે ભારે જહેમત ઉઠાવી હતી. વળી જેસીઆઈના ઉત્સાહી પ્રમુખ દ્વારા ચૌધરી કોલેજ હોસ્ટેલ ખાતે એઈડ્સ અવેરનેસ પર સેમિનાર યોજવામાં આવ્યો હતો. અંતમાં જેસીઆઈના મંત્રી દિશા વી. દેસાઈએ ઉપસ્થિત સભ્યો તેમજ સંસ્થાના હોદેદારોનો આભાર માન્યો હતો.

## વાવોલના જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને ગરમ વસ્ત્રો તથા શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૨

વાવોલ સરકારી પ્રાથમિક શાળા ખાતે જરૂરિયાતમંદ બાળકોને દાતા પૃથ્વીભાઈ શાહ તરફથી ગરમ કપડા, પેન, પેન્સિલ, ચોપડા વિતરણનો કાર્યક્રમ ગઈ કાલે પૂર્વ ધારાસભ્ય પોપટલાલ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ પ્રસંગે અતિથિ વિશેષ પદે જાણીતા ઉદ્યોગપતિ અંબુસિંહ ગોલ ઉપસ્થિત રહ્યા હતાં. સમારંભના પ્રમુખ સ્થાનેથી બોલતા પોપટલાલ પટેલે વાવોલ સરકારી મિશ્રશાળાના બાળકોને વિના મૂલ્યે સારુ અને ગુણાત્મક શિક્ષણ મળે છે તેની પ્રશંસા કરતા દાતા પૃથ્વીભાઈ શાહ વાવોલમાં ૪૦ વર્ષથી પોતાના પગાર અને પેન્શનની અમુક ટકા રકમથી શિક્ષણ ક્ષેત્રના બાળકોને ગણવેશ, ગરમ કપડાં, ચોપડા જેવી જરૂરીયાત પુરી પાડે છે જે પ્રશંસનીય અને ગામનું ગૌરવ ગણાવ્યું હતું. આ પ્રસંગે અતિથિવિશેષ પદે અગ્રણી ઉદ્યોગપતિ અંબુસિંહ ગોલે સંસ્મરણો યાદ કરતા શાળા અને ગામને પોતાનાથી બનતી તમામ મદદ કરવા ખાત્રી આપી હતી. આ પ્રસંગે પૂર્વ તાલુકા પંચાયતના સદસ્ય અમરસિંહ ગોલ, સરપંચ કમલેશસિંહ ગોલ, દાતા પૃથ્વીભાઈ શાહ, ગીરીશભાઈ પટેલ, બિલ્ડર દેવેન્દ્રસિંહ ગોલ, એમ.બી. પટેલ, શાળાના આચાર્ય બળદેવભાઈ પટેલ, વરિષ્ઠ પત્રકાર વિનોદ રાઠોડ, નિલેશભાઈ પટેલ વિગેરેએ પ્રસંગિક પ્રવચનો કર્યા હતા જયારે આભારવિધિ પ્રાથમિક શાળાના આચાર્યશ્રી દક્ષાબેને કરી હતી જયારે લીનાબેન ગજ્જરે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

### વાયબ્રન્ટ ગુજરાત - ૨૦૧૭ : મહાત્મા મંદિર ખાતે

## 'વેસ્ટેક ઈન્ટરનેશનલ સમિટ'નું આજે મુખ્યમંત્રીના હસ્તે ઉદ્ઘાટન

ગાંધીનગર, તા. ૨

વાયબ્રન્ટ ગુજરાત-૨૦૧૭ પ્રિ-ઈવેન્ટસના ભાગરૂપે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે આગામી તા.૩ ડિસેમ્બર-શનિવારના રોજ સવારે ૧૦-૦૦ કલાકે મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે 'વેસ્ટેક ઈન્ટરનેશનલ સમિટ' નું ઉદઘાટન કરવામાં આવશે. આ સમિટમાં કેન્દ્રીય પર્યાવરણ-વન અને કલાયમેટ ચેન્જ રાજ્ય મંત્રી શ્રી અનિલ માધવ દવે મુખ્યઅતિથિ તેમજ અતિથિ વિશેષ તરીકે ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ અને પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરી ઉપસ્થિત રહેશે. મહાત્મા મંદિર ખાતે તારીખ: ૨ થી ૪ ડિસેમ્બર-૨૦૧૬ દરમિયાન યોજાનાર આ 'વાસ્ટેક ઈન્ટરનેશનલ સમિટ એન્ડ એક્સપો ૪-આર ધ વે ટુ સસ્ટેનિબિલિટી' એક્ઝિબિશનનું તા.૦૨ ડિસેમ્બર, શુક્રવારના રોજ સવારે રાજ્યકક્ષાના પર્યાવરણ મંત્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું હતું. રાજ્યમાં ઉદભવતા કચરામાંથી કંચન બનાવવા આ સમિટ પ્રેરણારૂપ સાબિત થશે. કેન્દ્ર સરકારના પર્યાવરણ, વન અને કલાયમેટ ચેન્જ મંત્રાલય અને રાજ્ય સરકારના વન અને પર્યાવરણ વિભાગના ઉપક્રમે યોજાનાર આ સમિટમાં ગુજરાત-કેન્દ્ર સરકારના પ્રતિનિધિઓ સહિત દેશ-વિદેશના તજજ્ઞોની ઉપસ્થિતિમાં પેપર, પ્લાસ્ટીક તેમજ તમામ વેસ્ટને અલગ અલગ તારવીને તેનો પુન: ઉપયોગ કરવામાં આવશે. તદ્ઉપરાંત સમિટ દરમિયાન કેટલો વેસ્ટ ઉદભવ્યો તથા તેના નિકાલ અંગેની માહિતી ઓન લાઈન પણ મૂકવામાં આવશે. આમ, આ સમિટ ઝીરો વેસ્ટ સમિટ બની રહેશે, તેમ ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડની યાદીમાં જણાવાયું છે.

## ગુજરાત વિધાનસભા ખાતે ડૉ. રાજેન્દ્રપ્રસાદની જન્મજયંતી નિમિત્તે પુષ્પાંજલિ અપાશે

ગાંધીનગર, તા. ૨

ગુજરાત વિધાનસભા કેમ્પસમાં આવેલા વિઠ્ઠલભાઈ ભવનમાં પ્રથમ માળે આવેલા પોડિયમમાં ડૉ. રાજેન્દ્રપ્રસાદના તૈલચિત્રને તેમના ૧૩૩મા જન્મદિવસ નિમિત્તે શનિવાર તા.૦૩/૧૨/૨૦૧૬ના રોજ સવારે ૦૯-૩૦ કલાકે પુષ્પાંજલિ આપવામાં આવશે. આ મહાનુભાવને પુષ્પાંજલિ અર્પવા માટે ઉપસ્થિત રહેવા જાહેર જનતાને ગુજરાત વિધાનસભાની એક અખબારી યાદીના માધ્યમથી ઈજન અપાયું છે.

## મગોડી પ્રાથમિક શાળા ખાતે દાતા દ્વારા સ્વેટરનું વિતરણ



ચિલોડા, તા.૨

તાલુકાના મગોડી પ્રાથમિક શાળા ખાતે દાતાશ્રી ભરતજી મફાજી ઠાકોર તરફથી ધો ૧ થી ૮માં અભ્યાસ કરતા ૫૦૦ બાળકોને શિયાળાની ઋતુમાં ઠંડીથી રક્ષણ મળે તેવા હેતુસર ૫૦૦ વિદ્યાર્થીઓને સ્વેટર વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં અન્ય દાતાશ્રી વિક્રમજી ઠાકોર, જગદીશ વેલાણી, ચેહરાજી કાળજી ઠાકોર, મુકેશજી ઠાકોર મંત્રાજી ઠાકોર, ક્ષત્રિય ઠાકોર સેનાના આગેવાનો, જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ-ગાંધીનગરના પ્રતિનિધિ નટુભાઈ પટેલ તથા પેરાલીગલ વોલન્ટીયર જયરામભાઈ સોની, ચિલોડા પ્રાથમિક શાળાના આચાર્યશ્રી હર્ષદભાઈ પટેલ વગેરે મહાનુભાવોએ ઉપસ્થિત રહી બાળકોના અધિકારો તેમજ વ્યસનમુકિત વિશે પ્રેરણાદાયી પ્રવચન આપ્યું હતું. શાળાના એસ.એમ.સી.ના અધ્યક્ષ ભરતજી ઠાકોર તથા આચાર્યશ્રી જયેશભાઈ જી. બાવા વગેરે આગેવાનોએ ગરમ સ્વેટર વિતરણ સમારોહમાં દાતાશ્રીનો આભાર વ્યકત કર્યો હતો.

# રોકડ કટોકટીની રવિ વાવણી ઉપર માઠી અસર

ગાંધીનગર, તા. ૨

ગુજરાતમાં રોકડ કટોકટીને લઈને હાલમાં જોરદાર તકલીફ થયેલી છે ત્યારે ગુજરાતમાં રવિ વાવણીને લઈને પણ હવે તકલીફ ઉભી થઈ ગઈ છે. મળેલી માહિતી મુજબ ૩૩.૦૮ લાખ હેકટર વિસ્તાર પૈકી માત્ર ૧૨.૬૮ લાખ હેક્ટર વિસ્તારમાં અથવા તો ૩૮ ટકા વિસ્તારમાં જ હજુ સુધી વાવણી થઈ ચુકી છે.

રાજ્યના કૃષિ વિભાગના અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે, ૨૮મી નવેમ્બરના આંકડા મુજબ ૩૩.૦૮ લાખ હેક્ટર વિસ્તારમાં જ વાવણી થઈ શકી છે. અધિકારીઓએ કહ્યું છે કે, વાવણીના આંકડાની સરખામણી કરવી જોઈએ નહીં. કારણ કે આ વખતે સ્થિતિ જુદા પ્રકારની રહેલી છે. આ વખતે સરકારે જે સ્થિતિ રજૂ કરી છે તેની સરખામણીમાં સ્થિતિ જટિલ બનેલી છે. સરકારે ગયા વર્ષે પીવાના પાણી માટે રિઝર્વમાં રિઝર્વ પાણીનો જથ્થો રાખવામાં આવ્યો હતો. અધિકારીઓનું કહેવું છે કે, આ વર્ષે માત્ર ૧૨.૬૮ લાખ હેક્ટર વિસ્તારમાં જ વાવણી થઈ શકી છે. ૨૦૧૪માં ૧૬.૭૮ લાખ હેક્ટર વિસ્તારમાં વાવણી થઈ હતી. સામાન્યરીતે ૩૩.૦૮ લાખ હેક્ટર વિસ્તારમાં વાવણી કરવામાં આવે છે. ૨૦૧૪માં ૧૬.૭૮ લાખ હેક્ટરમાં વાવણી થયા બાદ આની ચર્ચા જોવા મળી હતી.

સૌરાષ્ટ્રમાં વાવણી સરેરાશનો આંકડો ઓછો દેખાઈ રહ્યો છે. નોટબંધીના પરિણામ સ્વરુપે પણ અસર દેખાઈ રહી છે. ૮મી નવેમ્બરના દિવસે વડાપ્રધાન મોદીએ રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ ઉપર પ્રતિબંધ મુકવાની જાહેરાત કરી હતી. દરેક લેબરને દરરોજ ૩૦૦ રૂપિયા આપવામાં આવે છે. આનો મતલબ એ થયો કે ઓછા મજુરો રાખવામાં આવે તો પણ વાવણી માટે એક વિઘા માટે ૨૫૦૦૦ની જરૂર પડે છે. ખેડૂતો આ અંગેની કબૂલાત કરે છે. ખેડૂતોનું કહેવું છે કે, વાવણી માટે પહેલાથી જ રૂપિયા રાખવામાં આવે છે. કેટલાક ખેડૂતોએ કહ્યું છે કે, તેમના દ્વારા રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ રાખવામાં આવી હતી પરંતુ આ નોટ બંધ થઈ ગયા બાદ મુશ્કેલી સર્જાઈ ગઈ હતી. આવી જ કબૂલાત અન્ય ખેડૂતો દ્વારા પણ કરવામાં આવી છે. નોટબંધી બાદ ખેડૂતોને તેમની પ્રોડકટ એપીએમસીમાં વેચવામાં પણ તકલીફ થઈ શકે છે. કારણ કે એપીએમસી પણ રોકડમાં ચુકવણી કરવાની સ્થિતિમાં નથી.

# પહેલાં નવી નોટ લેવા દોડ્યા, હવે તેને વટાવવાના ઉધામા...!!!

## મોહાલીથી પકડાયેલ ભાઈ-બહેનની જોડીએ કરોડોની ૨૦૦૦ની નકલી નોટો વટાવી લીધી હોવાના અહેવાલે શહેરીજનોમાં ફડક : પોતાની પાસેથી ૨૦૦૦ની નોટ વટાવી લેવા નાગરિકોનો પ્રયાસ

### ૨૦૦૦ની નોટ આવી ત્યારથી વિવાદમાં

આરબીઆઈ દ્વારા ૨૦૦૦ની નવી નોટ ઈશ્યુ કરાઈ છે ત્યારથી કોઈને કોઈ પ્રકારના વિવાદમાં સપડાઈ છે, સૌથી પહેલા તો નોટની સાઈઝ, રંગ અને ડિઝાઈન નાગરિકોને પસંદના આવી, ત્યાર બાદ આ નોટને પાણી લાગતા રંગ છોડે છે, તે બાબતે વિવાદ સર્જાયો. આ નોટમાં જીપીઆરએસ ચીપ લાગેલી છે તેવી અટકળબાજ અફવાઓથી માંડીને ત્રાસવાદીઓ પાસેથી ૨૦૦૦ની નવી નોટો મળવાની તમામ ઘટનાઓની હારમાળાએ નાગરિકોને સતત આ નોટ બાબતે ચર્ચામાં રાખ્યા છે. આ સંજોગોમાં ૨૦૦૦ની નકલી નોટોનો જથ્થો બજારમાં ફરતો થયો હોવાનો અહેવાલોએ નાગરિકોની ઊંઘ હરામ કરી છે.

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરમાં નોટબંધી માહોલમાં આજે નવા જ પ્રકારની સ્થઈતિ જોવા મળી હતી. દેશમાં રૂા. ૨ હજારની નકલી નોટોનો જથ્થો ફરતો થયો હોવાની વાત મોહાલીથી પકડાયેલ ભાઈ-બહેનની જુગલબંધીએ કબૂલી હોવાથી નગરજનોમાં ફફડાટની લાગણી જોવા મળી રહી છે. નગરજનો પોતાની પાસેની નવી ૨૦૦૦ની નોટ રખે ને નકલી હોય તો તે બીકે જેમ બને તેમ તેને જલ્દીથી વટાવી લેવા પ્રયત્નો કરતા નજરે ચઢી રહ્યાં છે. ૨૦૦૦ની નોટો જયારથી ઈશ્યુ કરાઈ છે. ત્યારથી કોઈને કોઈ બહાને વિવાદમાં સપડાઈ છે.

જૂની ૫૦૦૦-૧૦૦૦ની નોટો બંધ કરવા સાથે સરકારે બેંકોમાં એક્સચેન્જની સુવિધા કરી આ નોટોના બદલામાં નવી ૨ હજારની નોટ ઈશ્યુ કરી હતી. વળી એક્સચેન્જ કાઉન્ટરો બંધ કર્યા બાદ પણ બેંકોમાંથી ખાતામાંથી અપાતા પેમેન્ટ સ્વરુપે પણ ફરજિયાત ૨૦૦૦ની નવી નોટ ગ્રાહકોને ધરાર પકડાવાઈ છે. ૨૦૦૦ની નોટ શરુઆતથી જ ગ્રાહકોને ઓછી પસંદ છે. આમ છતાં નાગરિકોને ૨૦૦૦ની નોટ ફરજિયાત લેવી પડી રહી છે. આ સંજોગોમાં પંજાબના મોહાલી ખાતેથી નકલી નોટના જથ્થા સાથે ઝડપાયેલ ભાઈ-બહેનની જોડીએ ૨ કરોડ ઉપરાંતની નકલી ૨ હજારની નોટો અત્યાર સુધી વટાવી લીધી હોવાના સમાચારે નગરજનોના પેટમાં તેલ રેડાયું છે. રખેને પોતાની પાસે રહેલી નવી ૨૦૦૦ની નોટ નકલી નીકળે તો જુની નોટ તો ગઈ પરંતુ તેના સ્થાને મળેલી નવી નોટની પણ કશી કિંમત ના રહે અને પોલીસ વગેરેના લફરા વધે તે નફામાં. આ બીકે નગરજનો સત્વરે પોતાની પાસે રહેલી નવી ૨ હજારની નોટ વટાવી તેનાથી પીછો છોડવા યેનકેન પ્રયાસો કરી રહ્યા છે. આ નોટ વટાવવા નગરજનોએ મેડિકલ સ્ટોર્સ, પ્રોવિઝન, કિરાણા કે ગારમેન્ટની દુકાનોએ ખરીદી કરવા ઉપરાંત પેટ્રોલપંપ પર પેટ્રોલ ભરાવીને પણ વટાવી લેવા પ્રયાસો કરી રહ્યાં છે.

